જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧૨/૨૦૧૯ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૧૩૪/૧૯**

## નિકોલ પોલીસ સ્ટેશન :

## બદ કામ કરવાના ઈરાદે તરૂણ કિશોરીને પોલીસ તરીકે ની ખોટી ઓળખ આપી પોલીસ સ્ટેશન લઈ જવાના બહાના હેઠળ મોટર સાયકલ ઉપર બેસાડી નવા બનતા કંન્ટ્રકશન વાળી કોમ્પ્લેક્ષ ખાતે ગુનો આચરનાર દુષ્પ્રેરીત આક્ષેપીત આરોપીને ગણતરી ના કલાકમાં ઝડપી પાડતી “નિકોલ પોલીસ”

મે.પોલીસ મહાનિર્દેશક શ્રી અને મુખ્ય પોલીસ અધિકારી શ્રી તથા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ અમદાવાદ શહેરનાઓએ બનેલ ગંભીર ઘટના અંગે આરોપી શોધી કાઢવા સુચના આપેલ જે સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૫, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “આઈ” ડિવીજન અમદાવાદ શહેરનાઓના સીધા માર્ગદર્શન હેઠળ ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર શ્રી આર.જી.જાડેજાસાહેબનાઓએ નિકોલ પોલીસ સ્ટેશન તથા ઓઢવ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોર્ડના માણસો તથા નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૦૫ના સ્કોર્ડના માણસોની અલગ-અલગ ટીમો બનાવી નિકોલ પો.સ્ટે. ફ.ગુ.નં.૨૨૨/૧૯ ઇ.પી.કો. કલમ ૩૬૩,૩૨૩,૩૫૪(એ)(૧),૩૫૪(બી),૧૭૦ તથા પોસ્કો કલમ ૭,૮ મુજબના કામનો આરોપી જે એક અજણ્યો ૨૩ થી ૨૪ વર્ષના આશરાનો ઇસમ ફરિયાદમાં જણાવેલ વર્ણન વિગતવાળા આરોપીને શોધી કાઢવા સુચના આપતા અલગ-અલગ ટીમની રચના કરવામા આવેલ જે ટીમ જોતા ટીમ નં (૧) નિકોલ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઈન્સ.શ્રી એચ.વી.છાસટીયા, નાઓ તથા સ્ટાફના ASI.રાજેન્દ્રસિંહ જશવંતસિંહ બ.નં.૫૨૧૭ તથા હેડ.કોન્સ.ગૌતમભાઈ હિરાભાઈ બ.નં. ૭૮૪૪ તથા પો.કો કિરીટસિંહ રણજીતસિંહ બ.નં.૬૯૯૧ તથા પો.કો. જીતેન્દ્રસિંહ હરિસિંહ બ.નં.૧૦૩૮૮ તથા પો.કો. પરબતસિંહ નારસંગભાઈ બ.નં.૧૦૧૨૨ તથા પો.કો. કપિલકુમાર કાંતિભાઈ બનં.૯૮૯૮ તથા પો.કો રંજનીશ કુમાર હરિભાઈ બ.નં.૪૨૫૩ તથા પો.કો. મેહુલ કુમાર અમ્રુતલાલ બ.નં.૫૩૫૫ તથા પો.કો.વદેસિંહ

જુઠાજી બ.નં.૪૧૬૪ તથા લોકરક્ષક રવિરાજસિંહ કાનજીભાઈ બ.નં.૧૩૩૪ તથા લોકરક્ષક દિનેશસિંહ હમીરભાઈ બ.નં.૧૧૨૪ તથા લોકરક્ષક વિનયકુમાર મનસુખભાઈ બ.નં.૧૩૦૧૮ તથા લોકરક્ષક દાજીરાજસિંહ નાગજીભાઈ બ.નં.૧૨૪૪૫ તથા લોકરક્ષક પ્રકાશકુમાર જેઠાભાઈ બ.નં.૨૪૬ એ રીતેના માણસો તથા ટીમ નં (૨) ઓઢવ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઈન્સ.શ્રી એસ.જે.ચૌહાણ નાઓ તથા સ્ટાફના ASI પરથીભાઇ પુરાભાઇ બં.નં. ૩૧૫ તથા ASI ચંદુભાઇ મગનભાઇ બં.નં. ૭૯૮૫ તથા હે.કો. દિલીપસિંહ કિશોરસિંહ બં.નં.૭૫૮૯ તથા હે.કો.ચન્દ્રસિહ લાખુભા બં.નં.૫૮૮૯ તેમજ ટીમ નં (૩) નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૦૫ ના સ્કોર્ડના હેડ કોન્સ.જામસિંહ રણુભાનાઓ તથા સ્કોડના માણસો તપાસમાં રોકાયેલ અને તપાસ દરમ્યાન જે-તે વખોતોએ કોઈ ફળદાયક હકીકત મળવા પામેલ નહી આજરોજ મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ તથા મ.પો.કમિશ્નર શ્રી "આઈ" ડિવિઝન નાઓએ મનમોહન પોલીસ ચોકી ખાતે ઉપરોકત જણાવેલ અલગ ટીમનો ઈન્ચાર્જ સાથેનો પોલીસ સ્ટાફ તથા પોલીસ મિત્રો તથા ખાનગી બાતમીદારો નાઓને ભેગા કરી હાલ સુધી એકત્રીત કરેલ બનાવની જગ્યાએથી અંત સુધીના અલગ અલગ એન્ગલના CCTV ફુટેઝ તેમજ ફુટેઝમાં વર્ણન ઓળખાયેલ ઈસમનાની બોડી લેન્ગવેઝ ફરીયાદી તથા સાહેદનાઓની બારીકાઈ પુર્વકની મહત્તવની કડીઓ એકત્રીત કરી જે કડીઓનું વિશલેષણ કરી એક ઈસમનું વર્ણન પ્રસ્થાપીત થયેલ જે વર્ણનન આધારે ઉપરોકત પોલીસ સ્ટાફના માણસો તથા પોલીસ મિત્રો તથા ખાનગી બાતમીદારો નાઓને બનાવની ગંભીરતા તથા આરોપી શોધી કાઢવા સારૂ અલગ અલગ માહિતીનો દોરી સંચાર કરી જેનું મોનીટરીંગ મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ શ્રી નાઓએ કરેલ જે દરમ્યાન એક પોલીસ મિત્ર દ્વારા ટીમ-૦૧ ના લોકરક્ષક રવિરાજસિંહ કાનજીભાઈનાઓને બાતમી હકિકત મળેલ કે, CCTV ફુટેઝમાં દેખાતો આ કામનો આરોપી નિકોલ રોડ, વેરા પાસે આવેલ સ્વામીનારાયણનગર સોસાયટી ખાતે રહેતો ભારતસિંહ રાઠોડનાનો હોવાનું જાણવા મળતા આવતા સદરી બાબતે નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૦૫ સા.ને જાણ કરી આરોપી બાબતે મળી આવેલ સરનામે જઈ તપાસ કરતા CCTV ફુટેજમાં દેખાતો તેમજ ફરિયાદમાં જણાવેલ વર્ણન-વિગત વાળો આરોપી ભારતસિંહ S/o ઘનશ્યામસિંહ ભાવસિહ રાઠોડ ઉવ. ૨૮ રહેવાસી: મ.નં.બી/૧૫૬, સ્વામીનારાયણ સોસાયટી વિભાગ-૧, નિકોલ વેરા પાસે, નિકોલ રોડ અમદાવાદ શહેરનાનો તેની સોસાયટીના ઝાપા પાસે હાજર મળી આવતા ધરપકડ કરી નિકોલ પોલીસ સ્ટેશન ખાતે લાવી ઉપરોકત તમામા ટીમના સભ્યોએ મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રીની આગેવાની હેઠળ રહી ઉપરી અધિ.શ્રીના સંકલનમાં રહી માહિતીનું આદાનપ્રદાન કરી આરોપી શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

# પાસા હેઠળ કરેલ અટકાયતની વિગત

## ઓઢવ પોલીસ સ્ટેશન :

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ ભાવેશભાઇ ઉર્ફે ધવલ સોમાભાઇ ભરવાડ ઉ.વ.૨૦ રહે: ભરવાડ વાસ, ગુજરાતી શાળા નં-૧,૨ ની સામે, ઓઢવ ગામ, અમદાવાદ શહેર નાઓ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય સદરી ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે ભાવેશભાઇ ઉર્ફે ધવલ સોમાભાઇ ભરવાડ નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં-PCB/DTN/PASA/1078/19 તા.15/11/2019 અન્વયે હુકમ કરતા પાસા અટકાયતી ઘરે આવેલ હોવાની અમોને મળેલ સચોટ બાતમી આધારે સર્વેલન્સ સ્કોર્ડના એ.એસ.આઇ ચંદુભાઇ મગનભાઇ બ.નં-૭૯૮૫ તથા અ.હેડ.કોન્સ સંજયભાઇ કડવાભાઇ બ.નં-૫૨૦૭ તથા લોકરક્ષક ધીરૂભાઇ જીવણભાઇ બ.નં-૧૧૬૬૨ તથા લોકરક્ષક પરિમલ મોહનભાઇ બ.નં.૧૨૯૬૨ એ રીતેના પોલીસ સ્ટાફના માણસોને સુચના કરતા સદરી પાસા અટકાયટીને આજરોજ પકડી લઇ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને ભુજ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

## રામોલ પોલીસ સ્ટેશન :

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઇ" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ રામોલ પોલીસ સ્ટેશન તથા અમદાવાદ શહેર વિસ્તારમા દાખલ થયેલ શરીર સંબંધી ગુનામા પકડાયેલ આરોપી વિરૂધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા પીસીબી/ડીટીએન/પાસા/૧૬૭/૨૦૧૯ તા.૧૮/૦૨/૨૦૧૯ થી પાસા અટકાયતી શ્રી અભિષેક ઉર્ફે બબલુ કેસરસિંગ રાજપુત ઉ.વ.૨૫ ધંધો.મજુરી રહે.બી/૬૬ સાગર ટેનામેન્ટ નિલકંઠ સોસાયટી ની સામે બચુભાઇનો કુવો વટવા અમદાવાદ શહેરનાઓને પાસા અટકાયતી તરીકે ખાસ જેલ પાલારાભુજ ખાતે રહેવા હુકમ થતા હુકમની બજવણી તા.૧૫/૧૨/૨૦૧૯ ના ક.૨૧/૦૦ વાગે કરેલ છે ઉપરોક્ત આરોપીને યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાસા અટકાયતી તરીકે રહેવા મોકલી આપેલ છે.



# <u>ગુમ થયેલ બાળક/માણસને શોધી કાઢતી પોલીસ</u>

## <u>કાગડાપીઠ પોલીસ સ્ટેશન :</u>

### <u>છેલ્લા  ત્રણ વર્ષથી ગુમ થયેલ માણસને શોધી કાઢતી કાગડાપીઠ પોલીસ.</u>

અમદાવાદ શહેરમાં બનતા ગુમ/અપહરણ થયેલ બાળકો/સ્ત્રી પુરુષો શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા ઇ.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડિવીજન અમદાવાદ તથા પોલીસ ઇન્સપેકટર યુ.ડી.જાડેજા સાહેબ નાઓના સીધા માર્ગદર્શન તથા સુચના મુજબ કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સેકટર સાહેબની ગુમ/અપહરણ થયેલ બાળકો/સ્ત્રી પુરુષો સ્પેશીયલ દીન-૧૦ની ડ્રાઇવ અનુસંધાને અલગ-અલગ બે ટીમો બનાવી એક ટીમમા એ.એસ.આઇ.ગોવિંદભાઇ મોતીભાઇ બ.નં-૪૮૧૨ તથા અ.પો.કો.કલ્યાણસિંહ અભેસંગભાઇ બ.નં-૧૦૧૨૦ સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સર્વેલન્સ સ્કોડના અ.પો.કો.કલ્યાણસિંહ અભેસંગભાઇનાઓની સંયુકત બાતમી હકિકત આધારે કાગડાપીઠ.પો.સ્ટે જાણવા જોગ નં- ૬૮/૨૦૧૭ મુજબના કામે ગુમ થનાર નિલેષ સ/ઓ  અશોકભાઇ ભાટી ઉ.વ.-૨૪ રહે-સાંકળચંદ મુખીની ચાલી પોસ્ટ ઓફીસની પાછળ બહેરામપુરા અમદાવાદ શહેરનાઓ જમાલ્પુ બ્રીજ નીચેથી તા.૧૫/૧૨/૨૦૧૯ના રોજ બાતમી આધારે જાણવા જોગના કામે મળી આવેલ હોય જે પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૧૫/૧૨/૧૯



Scanned by CamScanner

## શાહીબાગ પોલીસ સ્ટેશન :

## ગુમ થયેલ બાળકને શોધી કાઢતી શાહીબાગ પોલીસ

શાહીબાગ પોસ્ટે વિસ્તારમાં મહેન્દ્ર ખેતાભાઇ વણજારા ઉ.વ.-૦૪ રહે-અનવાર ખાન ચાનંદખા ની ચાલી મામુ પઠાણ ની ચાલીની સામે ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ નાનો સવાર કલાક ૯/૦૦ વાગ્યાથી ઘરેથી ચાલતો નિકળી ગયેલ હતો જે બાબતની ફરીયાદ કરવા હોળી ચકલા પો.ચોકી આવતા બાળક નો ફોટો લઇ વિસ્તાર મા શોધ-ખોળ કરતા કલાક ૧૧/૩૦ વાગે સિવિલ હોસ્પીટલ ગેટ નં-૫ પાસેથી મળી આવતા તેની માતા પાયલબેન ખેતાજી વણજારા નાઓને સોપેલ છે.



# છેતરપીંડીના ગુનાના આરોપીની કરેલ અટકાયતની વિગત

## ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :

### હજ ટુરનુ સસ્તુ પેકેજ આપી સમ્રગ ભારતમાંથી ટુરીસ્ટો પાસેથી પેકેજના પૈસા લઇ ટુરમાં નહી લઇ જઇ છેતરપીંડી કરતા ઇસમને કોર્ટના વોરંટ આધારે પકડી પાડતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ.

મે.પો.લીસ કમિ.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૩ સા.શ્રી તથા મદદનીશ પો.કમિશ્રી “ઇ” ડીવીજન સા.શ્રી નાઓ તરફથી પ્રોહી/જુગારની પ્રવુતી નેસ્તો નાબુદ કરવા સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સ્પેકટર એન.એન.પરમાર સા.શ્રીના ગા.હવેલી પો.સ્ટે નાઓના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ આર.એલ.પટેલ સાહેબ તથા સ્ટાફના માણસો ગા.હવેલી પો.સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા ગોળલીમડા ચાર રસ્તા પાસે આવતા એક ઇસમ નામે હાજી ઇકબાલ મુસાજી માસ્ટર પ્રોપ- મુસ્લીમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ઠે- મુસ્લીમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ઓફીસ નં ૪૧૫૬ ન્યુ અંજુમન હાઇસ્કુલ સામે ગોળ લીમડા આસ્ટોડીયા રોડ જમાલપુર અમદાવાદ શહેર રહે- રહે.૭૦૧ વણકરવાસ ઇસ્માઇલપીર ની દરગાહ સામે પાંચપીપળી આસ્ટોડીયા જમાલપુર અમદાવાદ શહેર નાઓનુ નામદાર જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ્સ્ટ ક્લાસ કોર્ટ મારગોઆ ( ગોવા ) નાઓના ક્રીમીનલ કેસ નં- 70/OA/NI/2019/I ના કામે ધરપકડ વોરંટ કાઢેલ હોય જેના આધારે તા-૧૫/૧૨/૨૦૧૯ ના રોજ કલાક-૧૪/૩૦ વાગ્યે અટક કરી નામદાર જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ્સ્ટ ક્લાસ કોર્ટ મારગોઆ ( ગોવા ) ખાતે કોર્ટ કસ્ટડીએ સોપવા તજવીજ કરવામાં આવેલ છે



# ચોરીના ગુનાના આરોપીની કરેલ અટકાયતની વિગત

## ચાંદખેડા પોલીસ સ્ટેશન :

### ગાડીના કાચ તોડી ચોરી કરતાં આરોપીને પકડી પાડતી ચાંદખેડા પોલીસ

મે, પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૦૧ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૦૨ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી બી.કે.ગમાર ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓની સૂચના આધારે સર્વેલન્સ સ્કોડા ના પો.સ.ઇ શ્રી કે.એચ.ચૌધરી તથા સાથેના સ્ટાફના હે.કો દિનેશભાઇ ધનજીભાઇ બન.૩૪૫૦ તથા અ.હે.કો રણવીરસિંહ હાથીસિંહ બન.૩૬૦૨ તથા બીજા સ્ટાફના માણસો સાથે વિસત પેટ્રોલપંપથી તપોવન સર્કલ વિસ્તારમાં આવેલ શોપીંગ મોલ તથા રેસ્ટોરન્ટના પાર્કિંગમાં પડેલ ગાડીઓના કાચ તોડી અંદરની વસ્તુઓની ચોરી કરવાના બનાવ રોકવા ડિનર પોઇન્ટ રેસ્ટોરન્ટ ની સામે આવેલ પાર્કિંગ વાળી ગલીમાં જાહેરમાં એક સફેદ કલરની હ્યુન્ડાઇ કંપનીની ફોર વ્હીલર એસન્ટ ગાડી મૂકી ડીકોયનું આયોજન કરી વોચ ગોઠવેલ હોય જે દરમ્યાન એક ઈસમ નામે મિતેશ ઉર્ફે ચિંકું લક્ષ્મણભાઇ જાતે.પાનવેકર ઉવ.૨૮ રહે.મહાજનીયાવાસ રામદેવ મંદિર પાછળ છારાનગર નરોડા પાટીયા અમદાવાદ શહેર નાનો ગાડીના કાચ તોડવાની કોશીશ કરતા મળી આવતા સદરી આરોપીને પકડી તેના વિરુધ્ધમાં ચાંદખેડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ના.૨૭૦/૨૦૧૯ ધી ઇપીકો કલમ ૩૭૯,૫૧૧,મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે.

# મોબાઇલ ફોનની ચીલઝડપના આરોપીની કરેલ અટકાયતની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન :

### નારોલ વિસ્તારમાં મોબાઈલ ફોનોની ચીલઝડપ કરતા એક આરોપીને મુદ્દામાલ સાથે પકડી નારોલ પોલીસ સ્ટેશનનો ગુનો શોધી કાઢતી નારોલ પોલીસ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સા. શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સાહેબતેમજ ઈ.પો.કમિ.શ્રી"કે"ડીવીઝન અમદાવાદ શહેર તથા પોલીસ ઈન્સપેકટરશ્રી એસ.એ.ગોહીલ સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તથા અટકાવવા સારુ કરેલ સુચના અને માર્ગદર્શન હેઠળ આજરોજ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઈન્સ ડી.આર.રાવ સાહેબ તથા સર્વેલન્સ સ્કોર્ડના હે.કો.રશીદખાન સામંતખાન બ.નં.૫૫૪૮ તથા પો.કો.યોગેશકુમાર ભગવતપ્રસાદ બ.નં.૬૩૬૦ તથા પો.કો.અસ્લમબેગ નશરુબેગ બ.નં.૫૪૨૩ તથા બીજા સ્ટાફના માણસો સાથે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીગમાં હતા અને પેટ્રોલિંગ ફરતા ફરતા કલાક ૧૯/૪૫ વાગે રાણીપુર કોઝી હોટલ પાસે આવતાં સાથેના પો.કો.અસ્લમબેગ નશરુબેગ નાઓને બાતમી હકીક્ત મળેલ કે "એક ઈસમ કે જેણે શરીરે આસમાની કલરનો કાળા ટપકાવાળો શર્ટ તથા વાદળી કલરનુ જીન્સનુ પેન્ટ પહેરેલ છે તે કોઈ જગ્યાએથી ચોરી અગર તો છળકપટથી કેટલાક મોબાઈલ ફોન પોતાની પાસે રાખી વેચાણ કરવા પીરાણા ડમ્પીંગ સ્ટેશન તરફથી ચાલતો આવી અત્રે થઈ નારોલ સર્કલ તરફ જનાર છે"જે બાતમી આધારે સદરી ઈસમની વોચમાં રહેતાં થોડીવારમાં ઉપરોકત બાતમી હકિકતમાં જણાવેલ વર્ણનવાળો ઈસમ મળી આવેલ જેનુ નામ ઠામ પુછતાં તેણે પોતાનુ નામ અબ્દુલરશીદ ઈકબાલહુસૈન જાતે અંસારી ઉ.વ.૨૬ ધંધો.નોકરી રહે.મ.નં.૧૦/એ અલહબીબ સોસાયટી મદીના હોટલની બાજુમાં બેરલ માર્કેટની અંદર દાણીલીમડા અમદાવાદ શહેરનાનો હોવાનુ જણાવેલ અને તેની અંગઝડતીમાંથી મોબાઈલ ફોન નંગ-૦૩ કિ.રૂ.૧૯,૦૦૦/- ના મળી આવતાં તપાસ અર્થે કબ્જે કરેલ છે. જેમાં સેમસંગ કંપનીનો મોબાઈલ ફોનની ચીલઝડપ બાબતે નારોલ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૨૯/૧૯ ઈપીકો કલમ ૩૭૯(એ)(૩) મુજબનો ગુનો દાખલ થયેલ હોય આરોપીને સદર ગુનાના કામે આજરોજ તા.૧૫/૧૨/૨૦૧૯ ના કલાક ૧૯/૧૫ વાગે પકડી અટક કરી મિલ્કત સબંધી ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



## રામોલ પોલીસ સ્ટેશન

## અમદાવાદ શહેરમાંથી જુદી-જુદી જગ્યાએ થી ચોરી કરેલ ૧૩ મોબાઇલ ફોન સાથે આરોપીઓને પકડી પાડતી રામોલ પોલીસ

માનનીય પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “આઇ” ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચનાથી પો.સ્ટેશન વિસ્તારમાં બનતા મોબાઇલ ચોરી તથા ચેન સ્નેચીગના ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ વધુમાં વધુ પેટ્રોલીગ કરવા સારૂ સુચના કરવામાં આવેલ જે આધારે અમોએ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓને વધુમાં વધુ પેટ્રોલીંગ કરી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ સુચના કરવામાં આવેલ જે સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓ સ્ટાફના માણસોની સાથે પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન કલાક ૧૭/૦૦ વાગે સીટીએમ ચાર રસ્તા પાસે આવતા પો.કો જયવીરસિંહ ઘનશ્યામસિંહ તથા પો.કો જયરાજસિંહ વિક્રમસિંહ તથા પો.કો લાલજીભાઇ જહાભાઇ નાઓએ પો.સ.ઇ નાઓને ખાનગી બાતમી હકીકત આપેલ કે એક ઇસમ જેણે શરીરે કાળા કલરની ટીશર્ટ તથા રાખોડી કલરનુ લોઅર પહેરેલ છે તે ઇસમ પાસે ચોરી અગર છળકપટથી મેળવેલ મો.ફોન રાખીને વેચવા માટે તેમજ મોબાઇલોના ભાવતાલ કરાવવા સારૂ માટલા સર્કલ મોબાઇલની દુકાનો ખાતે ફરે છે જે બાતમી હકીકત આધારે

**<u>આરોપી :</u>-મોહમંદ ફઇમ મોહમંદ ઇદ્રીશ અંસારી ઉવ.૩૬ રહે. મનં. બી/૩ એવન નગર અંબા ટાવર જુહાપુરા રોડ અમદાવાદ શહેર**

નાની પાસેથી જુદી-જુદી કંપનીના મોબાઇલ ફોન નંગ-૧૦ ૭૫,૫૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ અને સદરીની વધુ પુછપરછ કરતા બીજા ત્રણ મો.ફોન જીતેન્દ્રભાઇ રાજેન્દ્રપ્રસાદ પટેલ રહે. ભવાનીનગર મંદીર પાસે ઓઢવ અમદાવાદ નાને વેચેલ હોવાની હકીકત જણાવતા

**<u>આરોપી :</u>- જીતેન્દ્રભાઇ રાજેન્દ્રપ્રસાદ પટેલ ઉવ.૨૪ રહે. ભવાનીનગર મંદીર પાસે સી.એમ.સી રોડ ઓઢવ અમદાવાદ શહેર** નાની પાસેથી ત્રણ મો.ફોન કિ.રૂ. ૩૦,૫૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ.

જે ચોરી કરેલ **<u>મો.ફોન નંગ-૧૩ કિ.રૂ. ૧,૦૬,૦૦૦/-</u>** નો મુદ્દામાલ સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી **<u>આરોપીઓને તા.૧૫/૧૨/૧૯ ના કલાક ૧૮/૧૫ વાગે</u>** સીઆરપીસી કલમ ૪૧(૧)(ડી) મુજબ પકડી અટક કરી પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓએ આગળની વધુ તપાસ હાથ ધરેલ છે.

# પ્રોહીબીશનના આરોપીની કરેલ અટકાયત ની વિગત

## વટવા પોલીસ સ્ટેશન :

### પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી વટવા પોલીસ

અમદાવાદ શહેરમા ગુનાહિત પ્રવુતી અટકાવવા સારૂ અમદાવાદ શહેર પોલીસ કમીશ્નરશ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી નિપૂણા તોરવણે સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન ૬ શ્રી બિપિન અહિરે સાહેબ તથા મ.પો.કમિ. “જે” ડીવીઝન શ્રી આર.બી. રાણા સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન સિનીયર પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓએ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહી/જુગારના કેસો શોધવા માટે આપેલ સુચના આધારે સર્વેલંસ સ્કોડના પોલીસ સબ ઇન્સપેક્ટર પી.કે. ગઢવી નાઓ સાથે પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગ હતા દરમ્યાન સાથેના અ.હે.કો. કૈલાષરાવ હિમ્મતરાવ તથા અ.પો.કો. રણજીતસિંહ મનુભાઇ નાઓની ચોક્કસ અને આધારભુત બાતમી હકિકત આધારે આજરોજ તા.૧૪/૧૨/૨૦૧૯ ના કલાક ૨૩/૩૫ વાગે વટવા દુર્ગાનગર ચાર રસ્તા ઉપર થી આ કામના આરોપીઓ નામે (૧) શીવકુમાર ઉર્ફે શંકર સ/ઓ વિનોદભાઇ બઘેલ ઉ.વ.-૧૮ રહે. મ.નં- એ-૧૭, દુર્ગાનગર સોસાયટી, ગોપીનાથ એસ્ટેટ ની સામે વટવા અમદાવાદ શહેર તથા (૨) મોહમદ ઇમરાન સ/ઓ મોહમદ અખ્તર સૈયદ ઉ.વ.-૧૯ રહે. રેઇન બસેરા અંબીકા બ્રીજ નીચે વટવા અમદાવાદ શહેર તથા (૩) ચંપાબેન વા/ઓ પ્રવીણભાઇ મીનામા ઉ.વ.-૩૧ રહે. ખજુરીયા મિનામા ફળીયુ ગામ: આંબલી તા: ગરબાડા જી: દાહોદ તથા (૪) અંજુ ઉર્ફે કાળી વા/ઓ રમેશભાઇ માવી ઉવ-૩૮ રહે: અંબીકા ટ્યુબ ની સામે મામુડીયા ના છાપરા વટવા અમદાવાદ શહેર નાઓ જી.જે.૦૧ ટી.એફ. ૦૬૮૦ ની રીક્ષા મા ભારતીય બનાવટ ના ૧૮૦ એમ.એલ. નાROYAL KNIGHT MALT WHISKY ક્વાટરીયા ૩૩૬ નંગ કિ.રૂ. ૩૩,૬૦૦/-તથા ૧૮૦ એમ.એલ. ના BOMBAY SPECIYAL WHISKYક્વાટરીયા ૯૬ નંગ કિ.રૂ. ૯,૬૦૦/- તથા ૧૮૦ એમ.એલ. ના ઉપરROYAL SELECT DELUXE WHISKYક્વાટરીયા નંગ-૨૪૦ કિ.રૂ. ૨૪,૦૦૦/- તથા એક મોબાઇલ ફોન તથા ઓટો રીક્ષા મળી કુલ્લે કિ.રૂ. ૧,૬૭,૭૯૦/- નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરેલ છે હોઇ જે બાબતે વટવા પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં. ૫૫૪૫/૨૦૧૯ ધી પ્રોહી કલમ ૬૫એઇ, ૧૧૬બી, ૮૧, ૯૮(૨) વિગેરે મુજબ કાયદેસર કાર્યવાહી કરેલ છે તેમજ આગળની તપાસ સર્વેલંસ પોલીસ સબ ઇન્સ પી.કે. ગઢવી નાઓ કરી રહેલ છે.



# જુગારના આરોપીની કરેલ અટકાયતની વિગત

## દાણીલીમડા પોલીસ સ્ટેશન :

### ગણનાપાત્ર જુગારનો કેસ શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી અવાર-નવાર પ્રોહી-જુગારની ગેરકાયદેસર પ્રવુત્તી નેસ્ત નાબુદ કરવા માટેની સુચનાઓ મળતી હોય અને જે સુચના આધારે આજરોજ પ્રોહી-જુગારના કેસો શોધી કાઢવા સારૂ સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબની સાથે સર્વેલન્સ સ્કોડ ઇન્ચાર્જ એ.એસ.આઇ પી.આર.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા સુર્યનગર ચોકી આવતા સાથેના લોકરક્ષક વિજય મગનભાઇ તથા લોકરક્ષક સચિન નારણભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમી આધારે ઇસનપુર શક્તિનગર વિભાગ-૨ મફાભાઇની ચાલીમા મફાભાઇના મકાનમા રહેતા ભાડુઆત લાલજીભાઇ રણછોડભાઇ ભોઇના મકાનમા જુગાર રમતા (૧) લાલજીભાઇ રણછોડભાઇ ભોઇ ઉ.વ ૪૩ રહે, શક્તિનગર વિભાગ-૨ મફાભાઇની ચાલી મફાભાઇના મકાનમા ગોવિંદવાડી ઇસનપુર અમદાવાદ શહેર તથા બીજા છ ઇસમો મળી કુલ સાત ઇસમોને જુગારના સાધનો રોકડા રૂપિયા ૧૬,૩૧૦/-તથા મોબાઇલ ફોન નંગ-૫ કિંમત રૂપિયા ૩૬,૦૦૦/-તથા ગંજીપાના નંગ-૫૨ કિંમત રૂપિયા ૦૦/૦૦ મળી કુલ રૂપિયા ૫૨,૩૧૦/- ના મુદ્દામાલ સાથે આજરોજ તા ૧૫/૧૨/૨૦૧૯ ના કલાક ૧૭/૦૦ વાગે પકડી પાડી ઇસનપુર પો.સ્ટેશન સે.ગુ.ર નં ૩૫૪૦/૨૦૧૯ જુગારધારા કલમ ૪,૫ મુજબનો ગુનો દાખલ કરી કાર્યવાહી કરવામા આવેલ છે તા ૧૫/૧૨/૨૦૧૯

